# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 24-12-2025 Day: Wednesday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈષ્ણવ** વાંચે છે.

---

## રાષ્ટ્રપતિ – રાષ્ટ્રીય વિજ્ઞાન પુરસ્કાર

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ ગઈકાલે નવી દિલ્હીના રાષ્ટ્રપતિ ભવનમાં યોજાયેલા સમારોહમાં રાષ્ટ્રીય વિજ્ઞાન પુરસ્કાર – 2025 એનાયત કર્યા. આ વિજ્ઞાન, ટૅક્નોલૉજી અને નવીનતા ક્ષેત્રમાં અસાધારણ યોગદાન માટે રાષ્ટ્રનું સર્વોચ્ચ સન્માન છે. આ પુરસ્કાર વિજ્ઞાનરત્ન, વિજ્ઞાનશ્રી, વિજ્ઞાન યુવા-શાંતિ સ્વરૂપ ભટનાગર અને વિજ્ઞાન ટીમ સહિત ચાર શ્રેણીમાં અપાયા.

**------------------------------------------------------------------------------------**

## કેન્દ્રીય કૃષિમંત્રી

કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણે વિકસિત ભારત – રોજગાર અને આજીવિકા મિશન ગ્રામીણ અધિનિયમને ખેડૂતો તથા શ્રમિકોના વિકાસ માટે લેવાયેલું ઐતિહાસિક પગલું ગણાવ્યું. રાષ્ટ્રીય ખેડૂત દિવસ નિમિત્તે દેશભરના ખેડૂતો સાથે વર્ચ્યૂઅલ સંવાદ કરતાં તેમણે આ વાત કહી. શ્રી ચૌહાણે કહ્યું, નવા અધિનિયમે પહેલાથી લાગુ મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગૅરન્ટી અધિનિયમ – મનરેગાને વધુ મજબૂત કરી છે.

વિકસિત ભારત જી-રામ-જી અધિનિયમ ખેતીના સૌથી વ્યસ્ત દિવસોમાં શ્રમિકોની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરશે.

**------------------------------------------------------------------------------------**

## સીએમ – પોલીસને પસંદગીપત્ર

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ગઈકાલે  પોલીસના નવનિયુક્ત 11 હજાર 607 ઉમેદવારોને પસંદગી પત્ર એનાયત કરાયા. આ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યું, રાજ્યનું પોલીસ દળ દેશમાં કાર્યનિષ્ઠા અને ફરજ પાલનમાં અગ્રેસર છે. સાયબર ક્રાઇમ, નાર્કોટિક્સ, માનવ તસ્કરી, આર્થિક ગુના, અને ટેકનોલોજી આધારિત ગુનાઓને અટકાવવા પોલીસ આધુનિકીકરણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી છે. આ કાર્યક્રમ દરમિયાન નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ મહત્વની જાહેરાત કરતાં કહ્યું, આ વખતે પ્રથમવાર પોલીસ ઉમેદવારોને નિમણૂક માટે જિલ્લા પસંદગીનો વિકલ્પ અપાશે.

---------------------------------------------------------------------------------------------

## ઇસરો

ભારતીય અવકાશ સંશોધન સંગઠન – ઇસરો આજે સવારે ન્યૂસ્પેસ ઇન્ડિયા લિમિટેડ – **N.S.I.L.**ના માધ્યમથી **LVM -**3 **M-**6 મિશન હેઠળ બ્લૂબર્ડ બ્લૉક – 2 સંચાર ઉપગ્રહનું પ્રક્ષેપણ કરશે. શ્રીહરિકોટામાં સતીષ ધવન અવકાશ કેન્દ્રના બીજા પ્રક્ષેપણ પૅડથી તેનું પ્રક્ષેપણ કરાશે.

આ મિશન સાર્વજનિક કનેક્ટિવિટીને વધુ સારી બનાવવા, કટોકટી સ્થિતિ દરમિયાન સંચારમાં મદદ કરવા અને અવકાશ આધારિત ટૅક્નોલૉજીના માધ્યમથી વૈશ્વિક ડિજિટલ પહોંચને વધારવામાં સહકાર આપશે.

---------------------------------------------------------------------------------------------

## ક્રિકેટ – ભારતીય મહિલા ટીમ

ભારતીય મહિલા ટીમે શ્રીલંકાની મહિલા ટીમને બીજી ટી20 મેચમાં સાત વિકેટે પરાસ્ત કરી વિજયની પરંપરા જાળવી રાખી છે. પાંચ મેચની શ્રેણીમાં બે વિરુદ્ધ શૂન્યની સરસાઇ મેળવી છે. વિશાખાપટનમ ખાતેની મેચમાં શ્રીલંકાની ટીમે નવ વિકેટના ભોગે 128 રન કર્યા હતા. જવાબમાં ભારતની ટીમે 3 વિકેટ ગુમાવી 129 રન કરી મેચ જીતી લીધી હતી.  શેફાલી વર્માએ સૌથી વધુ 69 રન કર્યા હતા જ્યારે બોલિંગમાં વૈષ્ણવી શર્મા અને શ્રીચરનીએ બે બે વિકેટ ઝડપી હતી.

---

## વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ

જાન્યુઆરી 2026માં રાજકોટ ખાતે યોજાનાર વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિસદ– કચ્છ અને સૌરાષ્ટ્રના મંચ પર અલંગ બંદરની 40 વર્ષની સિદ્ધિઓનું પ્રદર્શન કરાશે. અલંગમાં અત્યાર સુધી 8 હજાર 800 થી વધુ જહાજોનું સુરક્ષિત રિસાયક્લિંગ થયું છે. વર્ષ 2024–25 દરમિયાન વૈશ્વિક પડકારો વચ્ચે પણ અલંગે સ્થિર કામગીરી નોંધાવતા 113 જહાજોનું રિસાયક્લિંગ કર્યું.

વર્ષ 2025-26ની શરૂઆતમાં જહાજોના આગમનમાં 13 ટકા વૃદ્ધિ નોંધાતા ક્ષેત્રમાં ફરી સકારાત્મક ગતિ દેખાઈ રહી છે. ત્યારે આગામી 10 વર્ષમાં 15 હજાર જહાજોનું રિસાયક્લિંગ કરવાનો રાજ્ય સરકારે સંકલ્પ છે.

---

## ભચાઉ – બજેટ સામાન્ય સભા

ભચાઉ તાલુકા પંચાયતના કાર્યકારી પ્રમુખની અધ્યક્ષતામાં યોજાયેલી બજેટ સામાન્ય સભામાં આ વર્ષ 2026-27ના અંદાજપત્રને બહાલી આપવામાં આવી હતી. તાલુકા પંચાયતની મુદત બેથી ત્રણ મહિનામાં પૂરી થશે, ત્યારે ગ્રામ પંચાયતોમાં વિકાસકામોને વેગ આપવાના નિર્ધાર સાથે બજેટ રજૂ કરાયું હતું.

---

## લાલન કોલેજ વાર્ષિકોત્સવ

આર. આર. લાલન કોલેજ, ભુજ દ્વારા આગામી 2 અને 3 જાન્યુઆરી-2026ના રોજ દ્વિદિવસીય વાર્ષિકોત્સવ `સંવિદ-2026'નું આયોજન થશે. આ ઉત્સવમાં પ્રથમ દિવસે લાલન કોલેજ એમ્ફી થિયેટર ખાતે સવારે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. તેમજ કોલેજમાં બંને પ્રવાહોમાં પ્રથમ આવેલા વિદ્યાર્થીઓ તથા એનસીસી, એનએસએસ, રમતગમત સ્તરે ઉત્તમ દેખાવ

કરનારા વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવશે. બીજા દિવસે કોલેજ ભવનમાં કચ્છ જિલ્લા કલેકટર આનંદ પટેલના હસ્તે કળાવિજ્ઞાન પ્રદર્શની ખુલ્લી મુકાશે.

---

## હવામાન

ગઈકાલે પવનની દિશામાં આવેલા બદલાવ અને ભેજના પ્રમાણમાં વધારો થતાં જિલ્લાના અનેક વિસ્તારમાં ગાઢ ધુમ્મસની ચાદર છવાઇ હતી. ધુમ્મસિયા માહોલ વચ્ચે ઠંડીનો ચમકારો પણ અનુભવાયો હતો. ભુજમાં લઘુતમ પારો 14.9, તો નલિયામાં પારો 14.6 ડિગ્રીએ પહોંચતાં ભુજ-નલિયામાં લગભગ એકસમાન તાપમાન નોંધાયું હતું. માકપટમાં આજે પરોઢે વહેલી સવારથી થયેલી ઝાકળવર્ષા બાદ આખો દિવસ ધુમ્મસના હવામાને પંથકને બાનમાં લીધું હતું.

---